સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્સ દ્વારા સહાયિત અને પ્રવાહ દ્વારા સંકલિત,

# પીવાના પાણી માટેની નિદર્શન યોજનાઓ




## નાથકૂવા ગામ

ઘોઘંબા તાલુકો, જિલ્લો પંચમહાલ

અમલીકરણઃ દેવગઢ મહિલા સંગઠન

## પહેલી નજરે...

| | |
|---|---|
| ગામ | નાથકૂવા, તાલુકો ઘોઘંબા, જિલ્લો પંચમહાલ |
| અમલીકરણ | દેવગઢ પાણી સમિતિ |
| માર્ગદર્શક | |
| સહયોગ | પ્રવાહ |
| સમયગાળો | |
| બાંધકામ | વરસાદી પાણી સંગ્રહના ટાંકા |
| કુલ મંજૂર થયેલ સહયોગ | |
| કુલ વપરાયેલી રકમ | |
| જરૂરી લોકફાળો | |
| એકત્ર થયેલો લોકફાળો | |
| પાણી સમિતિમાં સભ્ય સંખ્યા | |
| નિદર્શનની નોંધપાત્ર બાબત | કુદરતી સંસાધનોને દૂષિત કરતા ઔદ્યોગિક એકમ સામેના લોકોના સંઘર્ષથી લોકોમાં પાણીની ગુણવત્તા અંગે જાગૃતિ આવી અને આ જ સમયે, અહીં વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થાના નિદર્શનથી લોકશક્તિને પાણી સમસ્યાના ઉકેલ તરફ વાળી શકાઈ. |

# સ્વૈચ્છિક સંસ્થા તથા સ્થાનિક સ્થિતિ

## દેવગઢ મહિલા સંગઠન

દેવગઢ મહિલા સંગઠન એ રજિસ્ટર થયા વગરનું, મહિલાઓનું એક સંગઠન છે. જે ગુજરાતના પંચમહાલ, દાહોદ જિલ્લામાં ગ્રામ વિસ્તારોમાં આદિવાસી, દલિત અને શોષિત વર્ગની મહિલાઓ સાથે કામ કરે છે. આ સંગઠનમાં ૫૦૦૦ જેટલી મહિલાઓ સભ્ય છે. સંગઠન ૭૫ જેટલાં ગામોમાં તેમની પાયાની જરૂરિયાત જેવી કે અન્ન સુરક્ષા, જમીન-પાણી-જંગલ આધારિત આજીવિકા તેમ જ ચોખ્ખું અને સ્વચ્છ પીવાનું પાણી, આરોગ્ય અને તેની સેવાઓ, અત્યાચાર નાબૂદી વગેરે માટે કાર્યરત છે.

દેવગઢ મહિલા સંગઠન જે વિસ્તારોમાં કાર્યરત છે તે દુકાળ, પૂર, ભૂકંપ વગેરે કુદરતી આફતોનો ભોગ બનતો વિસ્તાર છે. કોમી રમખાણો અને વધતું ઔદ્યોગિક પ્રદૂષણ એ આ વિસ્તારની માનવસર્જિત આફતો છે. ઔદ્યોગિક પ્રદૂષણ અહીં એવું ગંભીર સ્વરૂપ પકડી રહ્યું છે કે પાણી જેવી અનિવાર્ય પાયાની જરૂરિયાતને પણ તેના કારણે અત્યંત વિપરિત અસર થઈ રહી છે. ખાસ કરીને પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાનો અમુક ભાગ ઔધોગિક પ્રદૂષણથી અસરગ્રસ્ત છે. ભૂગર્ભના પાણીમાં વધારે પ્રમાણમાં ફ્લોરાઇડ છે જેથી શુદ્ધ પીવાનું પાણી મેળવવામાં તકલીફ પડે છે અને લોકોના સ્વાસ્થ્ય પર તેની માઠી અસર પડે છે.

ઔદ્યોગિક પ્રદૂષણ સામે અહીંના સ્થાનિક લોકો તથા દેવગઢ મહિલા સંગઠનના સંઘર્ષે આ વિસ્તારમાં પીવાના પાણીની સલામતી ઊભી કરવા માટેના નિદર્શનની પ્રક્રિયામાં પણ બહુ અસરકારક ભૂમિકા ભજવી છે.

## દેવગઢ મહિલા સંગઠનનો આ વિસ્તારમાં અનુભવ

દેવગઢ મહિલા સંગઠન દ્વારા આ વિસ્તારમાં યોજાતી મહિલા મંડળની બેઠકોમાં ભાગ લેતાં બહેનો વારંવાર શુદ્ધ અને પૂરતા પાણીના અભાવનો મુદ્દો ધ્યાન પર લાવતાં હતાં. સ્વાભાવિક રીતે, પૂરતું અને સ્વચ્છ પીવાનું પાણી એ સૌનો પાયાનો અધિકાર છે, આથી દેવગઢ મહિલા સંગઠને પાણીના મુદ્દે મોટા પાયા પર હિમાયત પ્રવૃત્તિઓ કરવાનો નિર્ધાર કર્યો.

સંગઠને અહીં મોટા ભાગે કૂવા રિચાર્જ કરવાની સ્થાનિક પદ્ધતિ અપનાવી છે. વર્ષ ૨૦૦૩માં આનંદી સંસ્થાની મદદથી તે ગામોમાં સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત "કામની સામે અનાજ" યોજનાનો લાભ આ વિસ્તારમાં પહોંચાડવામાં આવ્યો હતો તેમ જ પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થાઓ પણ કરવામાં આવી હતી.

સંગઠન દ્વારા આ વિસ્તારમાં ૭૮ ગામમાં ૨૭૨ કૂવા ખોદવામાં આવ્યા છે તેમ જ ૩૦ ગામમાં ૯૮ કૂવા રિચાર્જ કરવામાં આવ્યા છે. તેમ જ વરસાદી પાણીના સંગ્રહ માટેના ૨૯ ટાંકા બનાવવામાં આવ્યા છે. આ પ્રકારનાં બાંધકામ તેમ જ આ વિશેની જાગૃતિનાં અભિયાનો સંગઠનનાં મહિલા આગેવાનો દ્વારા ચલાવવામાં આવે છે.

## નિદર્શનનો હેતુ અને સમજ

આ વિસ્તારની પાણીની સમસ્યા ઉકેલવા માટે લાંબા સમયથી સક્રિય દેવગઢ મહિલા સંગઠને નીચેના હેતુઓ ધ્યાનમાં રાખીને અહીં પાણી વ્યવસ્થાનું નિદર્શન યોજવાનું નક્કી કર્યું.

- વિસ્તારના દલિત આદિવાસી સમુદાયોને વર્ષ દરમિયાન ચોખ્ખું અને પૂરતું પીવાનું પાણી મળી રહે.
- દુકાળવાળા વિસ્તારમાં લાંબું ટકે તેવાં, સારી ગુણવત્તાનાં સ્ટ્રક્ચર બનતાં લોકો તેનો લાંબા ગાળા સુધી ઉપયોગ કરી શકે.
- અહીંના ઔધોગિક પ્રદૂષણગ્રસ્ત વિસ્તારને પીવાનું ચોખ્ખું અને પૂરતું પાણી મળી રહે.

નિદર્શનની જોગવાઈઓ અનુસાર, લોકભાગીદારી સાથે અહીં કામ કરવાનું આયોજન કરવામાં આવ્યું. આદિવાસી તેમ જ ગરીબી રેખા નીચે જીવતા લોકોએ ૩૦ ટકા તેમ જ અન્ય લોકો માટે ૫૦ ટકા લોકફાળો ભરવો જરૂરી હતો. જોકે અહીં ગરીબી રેખા નીચેનો પરિવાર હોવાનું કાર્ડ (બી.પી.એલ. કાર્ડ) ન ધરાવતા ઘણા પરિવારો પણ અત્યંત કંગાળ સ્થિતિમાં જીવે છે.

નિદર્શન માટે પ્રવાહ તરફથી સહયોગ મેળવવામાં આવ્યો અને ટેકનિકલ બાબતો તથા લોકોના આ કામમાં સાંકળવા માટે આનંદી સંસ્થા તરફથી સહયોગ મેળવવામાં આવ્યો. વરસાદી પાણીના સંગ્રહ માટેના પ્રત્યેક ટાંકા માટે રૂ. ૧૯૪૧૦નું બજેટ બનાવવામાં આવ્યું. કુલ ૧૩ ટાંકા બનાવવાનું આયોજન કરવામાં આવ્યું.

## નિદર્શનની પ્રક્રિયા

નિદર્શન માટે સૌથી વધુ જરૂરિયાતવાળાં ગામો નક્કી કરવા માટે સૌથી પહેલાં જુદાં જુદાં ગામોમાંથી પાણીના નમૂના લઈ તેનું પરીક્ષણ કરવામાં આવ્યું.

આ માટે ચંદ્રનગર ક્લસ્ટરનાં નાથકૂવા, ખરખડી, ચંદ્રનગર, જીતપુરા, કંકોડાકોઇ જેવાં ગામોના પીવાના પાણીના સ્રોતમાંથી નમૂના લઈ, પ્રવાહ અને આનંદી સંસ્થાના માર્ગદર્શન સાથે દેવગઢ મહિલા સંગઠન દ્વારા "જલ-તારા કીટ"થી પરીક્ષણ કરવામાં આવ્યું.

પહેલાં સ્થળ પર, ગામમાં જ લોકોને ભેગા કરી તેમની સામે પરીક્ષણ કરવાનું નકકી થયું જેથી ગામલોકોને પાણીનું પરીક્ષણ કેવી રીતે કરાય અને તેમના ગામનું પીવાનું પાણી કેવા પ્રકારનું છે તેની તેમને ખબર પડે. શરૂઆત નાથકૂવા ગામથી કરવામાં આવી.

ગામના એક રહેવાસીના ઘરે, પ્રવાહ, આનંદી, દેવગઢ મહિલા સંગઠન તથા અન્ય સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો તથા ગામનાં ૫૦ જેટલાં ભાઈ-બહેનોની હાજરીમાં એક બેઠક યોજવામાં આવી અને સૌની હાજરીમાં જલ-તારા કીટ દ્વારા પાણીના નમૂનાનું પમાં સેમ્પલનું ટેસ્ટ કરવામાં આવ્યો. જેનું પરીણામ ગામના એક પણ સ્રોતનું પાણી પીવા લાયક નથી. તેમાં નાઇટ્રીટ ફ્લોરાઇડ પરીક્ષણ કરવામાં આવ્યું. ગામના કોઈ સ્રોતનું પાણી આ કસોટીમાં ખરું ઉતર્યું નહીં. ગામલોકોને આંચકો લાગ્યો.

સંસ્થાના કાર્યકરો પરીક્ષણનું કામ આટોપી રહ્યા હતા ત્યારે જ, ગામ નજીકની ઔદ્યોગિક વસાહતમાં કાર્યરત એક ખાનગી કેમિકલ કંપનીના મેનેજર ત્યાં આવી પહોંચ્યા. તેમણે લોકો કંપની પાસેથી શું ઈચ્છે છે

તેમ પૂછ્યું. પરીક્ષણમાં ગામના કોઈ સ્રોત ખરા ઉતર્યા નહોતા તેની અકળામણ લોકોમાં હતી જ, અને તેમની દૃષ્ટિએ એ કેમિકલ કંપનીને કારણે જ પાણીના સ્રોત દૂષિત થયા હતા. તેમાં કંપનીના મેનેજરે આવી પૂછપરછ શરૂ કરતાં લોકો ઉશ્કેરાયા. વાતાવરણ ગરમ બનતું જોઈને મેનેજરે ત્યાંથી ચાલતી પકડી, પણ ગામલોકોના સંઘર્ષનાં અહીંથી જ મંડાણ થયાં.

આ અનુભવ પછી, સંસ્થાએ જે તે ગામમાં કોઈ રહેવાસીના ઘરે પરીક્ષણ કરવાને બદલે સંસ્થાના મહિલા માહિતી કેન્દ્ર પર ગામલોકોની હાજરીમાં પરીક્ષણ કરવાનું નક્કી કર્યું. પરીક્ષણ કરવા માટે સ્થાનિક ટુકડી તૈયાર કરવામાં આવી. સંગઠનનાં આગેવાન બહેન અને ગામના અન્ય સક્રિય લોકોની એક ટુકડી પાણીનું પરીક્ષણ કરતાં શીખી, જેથી અન્ય ગામોમાં તેઓ પોતે જ પરીક્ષણ કરી શકે અને પાણીની ગુણવત્તા અંગે લોકઝુંબેશ શરૂ કરી શકાય.

આ રીતે જલ-તારા કીટ દ્વારા પાણીનું પરીક્ષણ કર્યા બાદ સરકારી લેબોરેટરી અને ખાનગી લેબોરેટરી દ્વારા પણ ટેસ્ટ કરાવવામાં આવ્યો. જેમાં વડોદરાની પબ્લિક હેલ્થ એન્જિનીયરિંગ લેબોરેટરી અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિ. જેવી લેબોરેટરીમાં પણ પ્રવાહ દ્વારા પરીક્ષણ કરાવવામાં આવ્યાં. જેથી તેના રિપોર્ટ જલ-તારા કીટના રિપોર્ટ સાથે સરખાવી શકાય અને આખરી રિપોર્ટ તૈયાર કરી શકાય. ગામેગામ આ રીતે પરીક્ષણ થવા લાગતાં પ્રદૂષણગ્રસ્ત ગામોના લોકો શુદ્ધ પીવાના પાણીની માંગણી કરવા લાગ્યા અે પંચાયતમાં તથા પાણી પુરવઠા બોર્ડમાં આ માટે અરજીઓ કરવા લાગ્યા.

## નાથકૂવા ગામની પ્રદૂષણ સામે લડત

આ દરમિયાન, તા.૨૯-૧૧-૦૫ના મંગળવારના રાત્રિના ૧૧.૦૦થી સવારના ૬.૦૦ વાગ્યા સુધી નાથકૂવા ગામ પાસેની કંપનીમાંથી ઝેરી ગેસનું ગળતર થયું. પવન પૂર્વ તરફી એટલે કે નાથકૂવા ગામ બાજુનો હોવાથી સમગ્ર ગેસ નાથકૂવામાં પ્રસરી ગયો. રાતનો સમય હોવાથી સૌ આડેપડખે થયા હતા. ત્યાં ગેસને કારણે ગુગળામણ થતાં માણસો-પશુઓ નાસભાગ કરવા લાગ્યા. રાત્રે સહાય માટે મામલતદાર તથા આરોગ્યવિભાગને જાણ કરવા છતાં કોઈ મદદ આવી નહીં.

ગામના લોકોએ પશુઓને છોડી જાન બચાવવા નજીકના ગામ રણજીતનગરની હાઇસ્કૂલમાં રાત વિતાવવી પડી. સવારના ૮.૦૦ કલાકે રાહ જોવા છતાં કોઈ મદદ ન પહોંચતાં ગામલોકો કંપનીના દરવાજે ધરણા પર બેસી ગયા. લોકો પાસે, છેલ્લાં ૧૩ વર્ષથી તેમના સ્વાસ્થ્ય અને સંસાધનો પર અસર કરતી આ કંપની બંધ કરવાના નારા લગાવવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો.

ગામલોકોના કહેવા પ્રમાણે, એ દિવસે પોલીસ અને કંપનીની અંદરથી ગોળીબાર પણ થયા. લોકો ઉશ્કેરાયા અને તોડફોડ થઈ. છેવટે કલેક્ટરે આવીને કંપનીને તાળું માર્યું. જોકે, ત્રીજા દિવસે તાળું ખૂલી ગયું. લોકોએ મામલતદાર અને કલેક્ટરને આવેદનપત્ર આપ્યું, પોતાની રોજી છોડીને લોકો કંપનીને બંધ કરવા મથતા રહ્યા પણ કંઈ પરિણામ આવ્યું નહીં. સતત ધરપકડના ડર નીચે જીવતા લોકોએ સંગઠનની મદદ માગી.

દરમિયાન, ગેસના કારણે લોકોને આંખમાં બળતરા અને પેટમાં દુઃખાવાની તકલીફ રહેવા લાગી. પશુઓનું દૂધ ઓછું થવા લાગ્યું. આનંદી સંસ્થા તરફથી ઘોઘંબા તાલુકા આરોગ્ય અધિકારીને મળીને ગામમાં

સારવાર માટે વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પણ એટલું કામ પણ સહેલાઈથી પત્યું નહીં અને છેવટે લોકોને રણજિતનગરના જાહેર આરોગ્ય કેન્દ્ર પર જઈને સારવાર લેવી પડી.

ગામલોકોએ કંપની સામેની તેમની લડતને મજબૂત બનાવવા આસપાસનાં ગામોમાં ફરીને લોકોને તા.૧૦-૧૨-૦૫ના રોજ એક જગ્યાએ એકઠા થવા સમજાવવા લાગ્યા. પોલીસને તેની જાણ છતાં, તા.૯-૧૨-૦૫ના સવારમાં પોલીસે ગામમાં આવી, ૧૭ લોકોને પકડીને હાલોલ જેલમાં પૂર્યા.

ગામના લોકોને જાણ થતાં સૌ વિરોધ નોંધાવવા પોલીસ સ્ટેશન પહોંચ્યા તો પેલીસે બીજા ૬૨ લોકોને પૂરી દીધા. તેમાં મહિલા મંડળની ૨૭ બહેનો પણ હતી. તેમને ૨૪ કલાક કેદમાં રાખવામાં આવ્યા. બીજા દિવસે ૫૭ લોકોને જામીન પર છોડવામાં આવ્યા. જેમાં બધી મહિલાઓ તેમ જ અમુક પુરુષો હતા. પરંતુ ૨૨ લોકોને ૩૨૬ની કલમ હેઠળ કેદમાં લીધા અને ૧૭ દિવસ બાદ તેમને જામીન પર છોડયા. જેલમાંથી છુટયા બાદ પણ ચાર્જશીટ પર છુટયા હોવાથી પંદરપંદર દિવસે પોલીસ સ્ટેશને જવું પડે છે તેમ જ કોર્ટમાં હાજરી આપવી પડે છે. હવે ગામલોકોને ડર પેસી ગયો છે કે કંપની સામે આંદોલન કરવામાં આવશે તો આ ૨૨ લોકોને ફરી જેલમાં જવું પડશે.

દરમિયાન કંપની સમાધાન માટે  ગામલોકોને શુદ્ધ પીવાનું પાણી, આરોગ્ય સેવા અને સગર્ભાને સારવારમાં ટેકો, બાળકોનાં શિક્ષણ અને લગ્નમાં મદદ, વિધવા-અપંગોને સહાય, ખેતી માટે ખાતર, બિયારણની સહાય, સરકારની કોઈ પણ યોજનામાં જરૂરી લોકફાળો કંપની તરફથી વગેરે જેવાં વચનો આપવા લાગી છે. આ બધાં જ વચનો મૌખિક છે, જોકે હવે કંપની તરફથી દરરોજ બે વાર પીવાના પાણીનું ટેંકર ગામમાં આવે છે, વિધવા બહેનોને રૂ. ૫૦૦ની સહાય અને ખેતી માટે ખાતર બિયારણની સહાય આપવામાં આવી રહી છે.

જોકે ગામલોકોને લાગે છે કે લોકો કંપની વિરુદ્ધનું તેમનું આંદોલન ઉગ્ર ન બનાવે તે માટે જ આ સહાય કરવામાં આવી રહી છે. લોકો સામેનો કેસ તો ચાલુ જ છે અને લોકોને ડર છે કે આજે કંપની સહાય આપે છે, પણ હંમેશ સહાય કરશે તેની કોઈ બાંહેધરી નથી.

લોકોને મુખ્ય ચિંતા કંપનીને કારણે તેમનાં પાણી, હવા, વનસ્પતિ અને આરોગ્યને જે વિપરિત અસર થઈ રહી છે તેની છે. ગામલોકોનો સંઘર્ષ ચાલુ છે, પણ આગળ શું કરવું તેની તેમની સમજણ પડતી નથી. હવે તેમને યોગ્ય માર્ગદર્શન અને ટેકાની જરૂર છે.

અત્યારે કંપનીએ ચાર ગામોને દત્તક લીધા છે. જેમાંથી નાથકૂવા, રણજીતનગર, જીતપુરા, કંકોડાકોઇ જેવા ગામના વિકાસને લગતાં કામ હાથ ધર્યાં છે. અત્યારે નાથકૂવામાં દૂધડેરી, સમાજઘર બનાવડાવ્યું છે. કંપનીના એક કર્મચારી રોજ આ ચાર ગામોની મુલાકાત લે છે અને કોઇ બિમાર થાય કે સગર્ભાને અચાનક દવાખાને લઇ જવાની હોય તો કંપનીની મોબાઇલવાન આવે છે જે દર્દીને દવાખાને પહોંચાડવાનું કામ કરે છે. પરંતુ ચોમાસામાં પાણીનું ટેન્કર બંધ થઈ ગયું અને લોકોએ ફરી પ્રદૂષિત પાણી પીવું પડે છે.

## નિદર્શનની અસર



પાણીની મુશ્કેલી અને કંપની સામેના સંઘર્ષમાં અટવાલેયા લોકો માટે વરસાદી પાણીના સંગ્રહનું નિદર્શન આશીર્વાદરૂપ નીવડ્યું છે. નાથકૂવા, ચંદ્રનગર સહિતનાં ત્રણ ગામમાં આ નિદર્શન યોજવામાં આવ્યું છે. ગામલોકો પહેલાં વરસાદી પાણીના સંગ્રહના ટાંકા બનાવવા તૈયાર નહોતા. તેમને હતું કે વરસાદનું પાણી પીવા માટે લેવાય નહીં. તેમ, લોકોને આવી યોજનામાં વિશ્વાસ પણ નહોતો. જોકે કેટલાક લોકોએ પહેલ કરી. તેમનું જોઈને બીજાને પણ પ્રોત્સાહન મળ્યું.

ખરખડીના ભુરીબેને કહ્યું કે "જયારે અમે ખાડા ખોદતા હતા ત્યારે ગામના લોકો જોવા આવતા કે આ ખાડો કેમ ખોદે છે. મને પૂછતા તો હું તેમને કહેતી કે કચરો ભરવા માટે ખાડો ખોદું છું. કેટલાક કૂવો કોદે છે એમ કહેતા. પરંતુ જયારે ટાંકુ બની ગયું ત્યારે લોકો તેને જોઈને કહે છે કે આ તો સરસ થયું." ભુરીબેનને પોતાને પહેલાં આ યોજનામાં વિશ્વાસ નહોતો. પરંતુ ગામનાં બીજાં બે બહેનોને ટાંકાં બનાવતાં જોઈને તેમને પ્રોત્સાહન મળ્યું અને તેમણે પણ હિંમત કરી ખાડો ખોદી નાંખ્યો.

નાથકૂવામાં નવ ભૂગર્ભ ટાંકા બનેલા જોઇને ગામના અન્ય લોકો પણ હવે એવા ટાંકાની માંગણી કરે છે અને લોકફાળો ભરવાની તૈયારી બતાવે છે. સૌને લાગે છે કે અત્યારે આપણે જે અશુદ્ધ પાણી પીએ છીએ તેનાં કરતા વરસાદી પાણી પીવું ઘણું વધુ સારું છે. દૂર દૂર સુધી પાણી ભરવા જવાની બહેનોની મુશ્કેલી પણ દૂર થઈ છે. આ રીતે આ વિસ્તારમાં ભૂગર્ભ ટાંકાનું નિદર્શન થતાં લોકોમાં વરસાદી પાણીના સંગ્રહની મહત્તા અને તેને પીવા માટે ઉપયોગમાં લઇ શકાય અને અશુદ્ધ પાણી જન્ય રોગોથી બચી શકાય એવી સમજ ઊભી થઈ છે.

આમ, કુદરતી સંસાધનોને પ્રદૂષિત કરતા ઔદ્યોગિક એકમ સામેના લોકોના લોકોના સંઘર્ષથી લોકોમાં પાણીની ગુણવત્તા અંગે જાગૃતિ કેળવાઈ અને સમયસરના નિદર્શન દ્વારા લોકશક્તિને સાચા ઉપાય તરફ વાળી શકાઈ છે.

વધુ માહિતી માટે સંપર્ક : **પ્રવાહ મધ્યસ્થ કાર્યાલય**

જી-૨, રક્ષા એપાર્ટમેન્ટ, ૨૦૦, આઝાદ સોસાયટી, પોલિટેકનિક રોડ, આંબાવાડી, અમદાવાદ - ૧૫

ફોનઃ ૦૭૯-૨૬૭૬ ૨૫૯૦, ૨૬૭૬ ૩૯૮૪ E-mail: pravah@gmail.com, Website: www.pravah-gujarat.org